
## વડીલોને વંદન
## અભિનંદન



જેકીશન ફકીરભાઈ મિસ્ત્રી
(૧૯૩૧)ફોન:૨૩૨૨૫૩૫૩



રમાબેન બિપીનચંદ્ર ઠાકર
(૧૯૩૯)ફોન:૨૩૨૪૧૦૧૬

# ઊંઝાના કરણપુરા ગામે યુવાનની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી કરપીણ હત્યા

ઊંઝા, તા.૫

ગઈ રાત્રે ઊંઝા તાલુકાના કરણપુર ગામની સીમમાંથી પસાર થતા માર્ગ પર કોઈ અજાણ્યા યુવાન પર કોઈ અજાણ્યા શખ્સોએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી ફરાર થઈ ગયા હોવાનો ચોંકાવનારો બનાવ બનતાં સમગ્ર વિસ્તારમાં ભારે સનસનાટી સાથે ચકચાર જાગી છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકામાંથી પસાર થતા કહોડાથી વિસનગર તરફના ધોરી માર્ગ પર કરણપુર ગામની સીમમાં ગઈ રાત્રે કોઈ અજાણ્યા ઈસમોએ કોઈ અદાવતના કારણે એક ૩૦ થી ૩૫ વર્ષની વયના અજાણ્યા યુવાન પર તીક્ષ્ણ હથિયાર વડે ઘાતકી હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. ત્યારબાદ આરોપીઓ કયાંક ફરાર થઈ ગયા હતા. મૃતક ૩૦ થી ૩૫ વર્ષની વયના યુવાનને માથાના પાછળના તેમજ બંને પગના ઢીંચણ નીચેના ભાગે તીક્ષ્ણ હથિયાર ઘા કરવામાં આવ્યા છે. કોઈ અજાણ્યા આ યુવાને શરીરે સલેટીયા રંગનો આખી બાંયનો શર્ટ તથા કમરે નાઈટી પહેરેલ છે. સદરહુ લાશની હજી ઓળખ થઈ શકી નથી. ખૂનની ઘટનાની જાણ થતાં મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક વિસનગર નાયબ પોલીસ અધિક્ષક તેમજ ઊંઝા પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટના સ્થળે દોડી ગયા હતા અને અજાણ્યા યુવાનને મોતને ઘાટ ઉતારી ફરાર થઈ જનાર અજાણ્યા શખ્સો અંગે તપાસ હાથ ધરી હતી.જો કે આ સમાચાર લખાય છે ત્યાં સુધી પોલીસને હત્યારાઓના કોઈ જ સગડ મળ્યા નથી.

આ બાબતે ઊંઝા પોલીસે કોઈ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ખૂનનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# મોડાસામાં વાદળછાયા વાતાવરણથી વરીયાળીનું વાવેતર કરતા ભૂમિપુત્રો મુંઝવણમાં

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લાના ભૂમિપુત્રોએ રવિ સીઝનમાં ભરપુર પાકનું વાવેતર કર્યું હતું. જિલ્લાની જમીનોને અનુકુળ ખેડૂતોએ જમીને અનુરૂપ રવિ સિઝનના મુખ્યત્વે પાક એવા ઘઉં, એરંડા, બટાકા, રાયડો અને વરીયાળી જેવા પાકનું વાવેતર કર્યુ હતું. પરંતુ માર્ચ મહિનામાં થયેલા અચાનક માવઠાઓના કારણે ઘઉંના પાકનો સોથ વળ્યો હતો. જયારે સતત વરસાદના કારણે બટાકા જમીનમાંથી બહાર આવી ગયા હતા. ત્યારે વાદળછાયા વાતાવરણથી વરિયાળી જેવા રોકડીયા પાકનું વાવેતર કરનાર ખેડૂતોના મનમાં ફાળ પડી.



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લાના ખેડૂતોની માઠી દશા બેઠી હોય તેવું લાગી રહ્યું છે. સતત વાતાવરણમાં વારંવાર પલ્ટો થવાથી ભૂમિપુત્રોને ચોમાસું સિઝન બાદ રવિ સીઝનમાં પણ નુકશાની ભોગવવાની સાથે દેવાના ડુંગર તળે દટાઈ જવા જેવો ઘાટ સર્જાયો છે. અત્યાર સુધી જિલ્લાના ખેડૂતોને કરોડો રૂપિયાનું નુકશાન થયું છે. વરિયાળીના પાક લેવાની સીઝનમાં શરૂઆત થઈ રહી છે ત્યારે છેલ્લા ૩ દિવસથી વાદળછાળા વાતાવરણના કારણે વરીયાળીના પાકમાં મોલાશી, સૂકારો અને વરીયાળીની ગુણવત્તા અને રંગને નુકશાન પહોંચવાની સાથે દાણોના રંગ કાળો થઈ જતો હોવાથી બજારમાં વરિયાળીના પોષણક્ષમ ભાવ માટે વરીયાળીનો રંગ અને દાણાનો આકાર ખુબ જ મહત્વ ધરાવે છે ત્યારે સતત વાદળછાયા વાતાવરણથી વરીયાળી પાકતા પહેલા ખરી પડવાની અને દાણાનો રંગ કાળી ટીપકી વાળો થઈ જવાનો ભય સતાવી રહ્યો છે. અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકા અને મોડાસા તાલુકાના ભૂમિપુત્રોએ વરીયાળીનું વાવેતર વધારે પ્રમાણમાં કર્યુ હોવાથી બંને તાલુકાના ખેડૂતો આકાશ સામે મીટ માંડી વાતાવરણમાંથી જલદી વાદળો વેરાઈ રહેવાની રાહ જોઈ રહ્યા છે.

ભિલોડા તાલુકાના રાજેન્દ્રનગરના ભૂમિપુત્ર ગનીભાઈના જણાવ્યા અનુસાર જો હજુ વધુ બે દિવસ સુધી આવું જ વાદળછાયુ વાતાવરણ રહેશે તો વરીયાળીના પાકનો સોથ વળી જશે અને વરીયાળીના વાવેતરમાં કરેલા ખર્ચ અને બિયારણ અને દવાઓના પાછળ કરેલા ખર્ચના કારણે ભૂમિપુત્રો ભારે નુકસાન વેઠી દેવાદાર બની જશે.

# પત્નીને બચાવવા જતા પતિ પણ દાઝ્યા દંપતિ હોસ્પિટલમાં સારવાર હેઠળ

પાલનપુર, તા.૫

વડગામ તાલુકાના માંલોસના ગામ માં આજે કોઈક કારણ સર પતિ પત્ની ઘ્મ્ભીર રીતે દાઝી ગયા હતા. દાઝેલી હાલતમાં આ દંપતીને પાલનપુર સિવિલમાં સારવાર માટે લાવવમાં આવ્યા હતા જયાં મહિલા ૯૦ ટકા જેટલું જયારે પુરુસ ૬૦ ટકા જેટલું દાજયો હોવાનું જાણવા મળ્યું છે



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

માંલોસના ગામ માં રહેતી યુવતી જયારે -ાયમસ પર રસોઈ કરી રહી હતી ત્યારે અચાનક ઝાળ લાગતા આગની લપેટમાં આવી ગઈ હતી દરમ્યાન પત્નીને આગમાં લપેટાઈલી હાલત માં જોતા બેબાકળા બનેલા પતિ નરેશ સોલંકીએ બચાવવાની કોશીસ કરતા પોતે પણ આજ્ઞા હવાલે થઈ ગયો હતો આજુ બાજુ માંથી લોકો આવી જઈને બંને ને બચ્ચવાની કોશીસ કરી હતી અને પાલનપુર સિવિલમાં ખસેડ્યા હતા હાલ બંનેની હાલત નાજુક મનાઈ રહી છે જોકે પરિવાર જનો આ મામલે કસું કહેવા તૈયાર નથી

# પાલનપુરના કંથેરીયા હનુમાન મંદિરમાં લોકડાયરો યોજાયો



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)



પાલનપુર, તા.૫

પાલનપુરમાં કન્થેરીયા હનુમાન મંદિર ખાતે આયોજિત ફરીદા મીરના દાયરામાં ભક્તોએ એક લાખ રૂપિયા સ્ટેજ પર ઉડાવી ડાયરામાં રંગત જમાવી હતી પાલનપુર શહેરના કન્થેરીયા હનુમાન મંદિર ખાતે ગૌશાળાના લાભાર્થે આયોજિત લોક સાહિત્યકાર ફરીદા મીરના ડાયરાનું આયોજન કરાયુ હતું ફરીદામીરના કાર્યકર્મ ને નિહાળવા હજારોની સંખ્યામાં જનમેદની આવી હતી જોકે કાર્યક્મમાં ગૌશાળા માટે દાનની લ્હાણી કરવા જાણે હોડ જામી હોય એમ ઉપસ્થિત કેટલાક શ્રોતાઓ એ સ્ટેઝ પર એક લાખથી વધુની રકમ ઉછાળી હતી ફરીદામીરે પોતાના આવાજ જાદુથી લોકોને મંત્ર મુગ્ધ કરી દીધા હતા

# જેસીઆઈ મોડાસાનો શપથવિધિ સમારોહ યોજાયો

મોડાસા, તા.૫

મોડાસા જેસીઆઈનો શપથવિધિ સમારંભ જેસીઝ હોલ ખાતે જેસીઆઈ નડીયાદના પ્રમુખ ચિંતન શાહની અધ્યક્ષતામાં યોજાઈ ગયો. જેમાં કી-નોટ સ્પીકર અને ઈન્ડકશન ઓફીસર તરીકે જેસી ભરતભાઈ શાહ, શ્રી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખ નવીનચંદ્ર આર. મોદીના મુખ્ય મહેમાન પદે, ગેસ્ટ ઓફ ઓનર મોડાસા જેસીઝ મિલ્ક કમિટીના ચેરમેન શ્રી નવીનતભાઈ એન. પરીખ, બીજા ગેસ્ટ ઓફ ઓનર તરીકે મોડાસા જેસીઝ મિલ્ક કમિટીના વાઈસ ચેરમેન શ્રી કનુભાઈ સી. શાહ તથા ઈન્સ્ટોલીંગ ઓફીસર જેસી એચ.જી.એફ. હીરેન શાહની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

જેસીઆઈના નવનિયુકત પ્રમુખ તરીકે ડી.એલ.એડ. કોલેજના પ્રિન્સિપાલ અને કેળવણીકાર ડૉ. સંતોષ દેવકરે શપથ લીધા હતા. ઝોન વાઈસ પ્રેસીડેન્ટ હિરેન શાહે શપથ લેવડાવ્યા હતા. કલબના મંત્રી તરીકે ધર્મેન્દ્ર ત્રિવેદી અને ખજાનચી તરીકે રવિ શાહે શપથ લીધા હતા. અન્ય કારોબારી સભ્યોને પ્રમુખશ્રીએ હોદ્દાના શપથ લેવડાવ્યા હતા.

કાર્યક્રમમાં ડૉ અરૂણભાઈ એન. શાહ, સુભાષભાઈ શાહ, ડૉ. ઘનશ્યામભાઈ શાહ, પ્રો. એ.જે.મોદી, ડૉ. નવીન સી. શેઠ, શહેરના નામાંકિત વેપારીઓ, શિક્ષકો, આચાર્યો, વકીલો તથા ડોકટર મિત્રો હાજર રહ્યા હતા. સૌ મિત્રોએ સંસ્થાને બનતી મદદ કરવાની ખાત્રી આપી હતી. જીવદયા પ્રેમી નિલેશ જોષીએ જેસીઆઈને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં સેવાકીય કાર્યની શરૂઆત મોડાસાના જાણીતા જનસેવક જશવંતભાઈ મીઠાવાળાના સહયોગથી જરૂરિયાતમંદ બહેનોને સાડી અર્પણ કરી કરવામાં આવી હતી. આ ઉપરાંત જશવંતભાઈ મીઠાવાળા તરફથી કલબને સેવાકીય કાર્યો માટે રૂ. ૨૦૦૦નું દાન પણ મળ્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ મંત્રી ધર્મેન્દ્ર ત્રિવેદીએ કરી હતી. સમગ્ર કાર્યક્રમની માસ્ટર ઓફ સેરેમની મુકુન્દ શાહે કરી હતી.

## સદીઓ બાદ પાલનપુરના કવિરત્નોને મળ્યુ પુસ્તકમાં સ્થાન

પાલનપુર, તા.૫

કવિઓની નગરી પાલનપુર માં અનેક કવિઓ એવા પણ થઈ ગયા છે જેવો વિશે આજના લોકો અજાણ છે ત્યારે પાલનપુરમાં જન્મેલા અને મુંબઈ ઠરીઠામ થયેલા સત્યવતી બેન એ ચૌદ વર્ષ પહેલા મુસાફિર પાલનપુરીની સાથે મળી શન્શોધન આરંભ્યું અને ચૌદ વરસ બાદ પાલનપુર વસ્યું ત્યારથી લઈ અત્યાર સુધી થઈ ગયેલા કવિઓના પરિચયને રજુ કરતુ પુસ્તક મુબઈ થી -કાશિત કરાયું જેને પાલનપુરમાં આયોજિત મુશાયર દરમ્યાન તેમના હયાત પરિવાર જનોને આપવામાં આવ્યા આ મુશાયરામાં પાલનપુરના કવિઓ ઉપરાંત ખલીલ ધનતેજવી બકુલ બક્ષી અને શિરીષ મોદી એ હાજરી આપી હતી

## તટસ્થ શહેર બનશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં ૪૫ મે.વો. સોલાર ઊર્જા ઉત્પન્ન થઈ શકે તેટલી ક્ષમતા છે. હાલ શહેરમાં ૭ મે.વો. વીજ ઉત્પાદન થઈ રહ્યું છે.

શહેરમાં જુનુ સચિવાલય સંકુલ રૂફટોપ પોલીસી અંતર્ગત ભાડે અપાયુ છે. અને સંપૂર્ણ સોલાર ઊર્જા આધારિત સંકુલ છે. આ ઉપરાંત પી.કી.પી.યુ. અને જી.ઈ.બી. નજીક એક-એક મે.વો.ના બે પાવર સ્ટેશનો પણ વિકસાવવામાં આવ્યા છે જે ઉલ્લેખનીય છે.

રાજ્ય સરકારે પ્રથમવાર હવે ગાંધીનગરને સૌર અને કાર્બન તટસ્થ શહેર તરીકે વિકસીત કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે અને આ પ્રોજેક્ટ સફળ તાં દેશમાં તે પ્રથમ શહેર બનશે જે આ બન્ને પ્રોજેક્ટ અમલીકરણ કરતુ હશે.

રાજ્ય સરકારના કલાઈમેન્ટ ચેઈન્જ વિભાગ દ્વારા આ અંગેનું મોનીટરીંગ કરવામાં આવનાર હોવાનું તેમજ રાજ્યના મુખ્ય સચિવ શ્રી અને મુખ્યમંત્રીશ્રીના સીધા માર્ગદર્શન તળે પ્રોજેક્ટનું અમલીકરણ થશે.

## અલાર્મ લોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિરેન્દ્રસિંહ યાદવે નગરજનોને અપીલ કરી છે કે બહારગામ જતા પહેલા સ્થાનિક પોલીસને જાણ કરીને બહારગામ જાવ જેથી તે મકાનોમાં પેટ્રોલીંગ પર ખાસ ધ્યાન રાખવામાં આવે તે ઉપરાંત દરદાગીના કોઈ સેફ જગ્યાએ કે બેંક લોકરમાં મુકો. શકય હોય તો રૂ. ૫૦૦ ડીપોઝીટ ભરીને અલાર્મ સિસ્ટમ ધરાવતું તાળુ વિના મુલ્યે પોલીસ પાસેથી લઈ જાવ. જો કોઈ આ તાળુ તોડવા પ્રયત્ન કરશે તો તરત અલાર્મ શરૂ થઈ જશે અને ચોરી થતી અટકી જશે અને આરોપી પકડાઈ જવાની પણ સંભાવના છે. દરેક પોલીસ સ્ટેશનેથી આ અલાર્મ સિસ્ટમ ધરાવતા તાળા મળી રહે તેવી ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

## ગળી જતા રહી ગયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડીશમાં પિરસેલ ઉત્તપમ બાળક જમી રહ્યો હતો ત્યારે મોંઢામાં કચચ જેવો અવાજ આવતા કોળિયો બહાર ડીશમાં થુંકતા તેમાંથી અણિદાર સ્ક્રૂ નિકળ્યો હતો.

આ ગંભીર બાબતની જાણ પરિવારે રેસ્ટોરન્ટના મેનેજરને કરતા તેણે ભૂલ સ્વીકારી નવી ડીશમાં ઉત્તપમ પિરસ્યુ હતુ. પરંતુ જો બાળક ભુલથી સ્ક્રૂને પેટમાં ગળી ગયો હોય તો આંતરડા કે જઠરને લગતી ગંભીર સમસ્યા ઉભી થઈ શકત. એક સામાન્ય ભુલ કોઈ નિર્દોષનો જીવ પણ લઈ શકે છે.

ગાંધીનગરની રેસ્ટોરન્ટોમાં ફુડતંત્રએ 'સરપ્રાઈઝ' તપાસ કરવાની જરૂર છે. અગાઉ પણ ઈન્ફોસિટીના એક રેસ્ટોરન્ટમાંથી વંદા નિકળ્યા હતા. ત્યારે ઘો ના પાપે પીપળો ન બળે તે જોવાનું કામ તંત્રનું ખરૂ કે નહિ ?

## ભેદ ઉકેલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શક્યતા પણ પોલીસે વ્યક્ત કરી છે.

કલોલ તાલુકા પોલીસે સિદ્ધપુરથી ટ્રાન્સફર વોરંટને આધારે યુનુસ ઉર્ફે પાઈપ અબ્દુલ રહેમાનની ધરપકડ કરી પુછપરછ કરતાં સાગરીતો ઈરફાન ઉર્ફે બગલો બાબુ શેખ, રામપ્રસાદ, રાજુ ભૈયાજી, પપ્પુ તથા જાન મહમંદ ઉર્ફે ઠુંઠીયો સહિતની ટીમ સાથે મળીને તેણે સઈજ જીઆઈડીસીમાં સ્થિત મોહીત ઈન્ડસ્ટ્રીઝના શેડનું પતરૂ તોડી સ્ટોર રૂમમાંથી ૧૨૪૦ કિલો તાંબાની પાઈપોનો ભંગાર કિં. રૂ. ૪,૯૬,૦૦૦ ના મુદ્દામાલની ચોરી કરી હોવાની કબુલાત કરી છે. તે ઉપરાંત છત્રાલ જીઆઈડીસીની એક ફેકટરીમાંથી કોપરના ભંગારની ચોરી અને કલોલ હાઈવે રોડ પર સ્થિત શેઠ કોમ્પલેક્ષની નેશનલ ઈલેક્ટ્રીક દુકાન તોડી તેમાંથી મોટર રીવાઈન્ડીંગના કોપરના વાયરો રૂ. ૩૫ હજારની મત્તાના ચોરી કર્યા હોવાનું ખુલ્યું છે. ૭ એપ્રિલ સુધી આરોપીના રિમાન્ડ મંજુર થતા કલોલ તાલુકા પી.આઈ. એન.એસ. મલીકે ઉંડી પુછપરછ શરૂ કરી છે.

## સાહિત્યનો રાફડો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ દિવસે મુકે દે છે અને ઉતાવળે બનાવેલી પુસ્તકમાં અનેક ભુલો હોવાના કારણે વિદ્યાર્થીઓ કયુ સાચુ છે સમજી શકતા નથી. તો બીજી બાજુ અનેક પેમ્પલેટ પણ બજારમાં ફરી રહ્યા છે. જેમાં પણ ભારે છબરડા જોવા મળી રહ્યા છે. આથી શું વાંચવુ ને શું ન વાંચવુ તે સમજી શકતા નથી.

ઉપરાંત બજારમાં એક જ વિષયની અનેક પ્રકાશનના પુસ્તકો હાલ જોવા મળી રહ્યા છે. અને આ તમામ પ્રકાશકો આથિક લાભના ઉદેશ સાથે ગમે તેમ કોઈ પણ પ્રકારની ભુલો જોયા વગર જ આડેધડ પુસ્તકો છાપી દે છે. આથી સરવાળે ખરીદારને જ રૂપિયા ખર્ચીને પણ નુકશાન વેઠવાનો વારો આવે છે. અને આનો તાજો જ દાખલો શહેરની એક જાણીતી સંસ્થાના પેમ્પલેટમાં સામે આવ્યો છે. શહેરની જાણીતી સંસ્થાએ પોતાના પેમ્પલેટમાં 'ગુજરાતમાં લોકસભાની સીટો કુલ-૨૭ દર્શાવી છે. જ્યારે રાજ્ય સભાની ગુજરાતની કુલ સીટો-૧૩ અને ગુજરાતના તાલુકાઓની કુલ સંખ્યા ૨૫૧ દર્શાવ્યા છે. જ્યારે આ તમામ માહિતી ખોટી છે.

આ પ્રકારની તમામ માહિતી આડેધડ છાપી દેતા લોકો વિદ્યાર્થીઓના જીવન સાથે થોડાક રૂપિયા માટે ખુલ્લેઆમ ચેડા કરી રહ્યા છે.

## શબ્દાવલી - ૫૬૯૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | | | |
| ૯ | | ■ | | ■ | | ■ | |
| ■ | | ■ | ૧૦ | ૧૧ | | ૧૨ | ■ |
| ૧૩ | ■ | ૧૪ | | | ■ | | ■ |
| ૧૫ | ૧૬ | ■ | ■ | ■ | ૧૭ | | ૧૮ |
| ૧૯ | | ૨૦ | | ૨૧ | | ■ | |
| ૨૨ | | | ■ | ૨૩ | | | |

### આડી ચાવી

૧. પાઘ, ફેંટો (૩)
૩. હાંસિપાત્ર, મજાક (૪)
૭. ચોળાની દાળની એક વાનગી (૨)
૮. વ્યક્તિત્વ (૫)
૯. જડની જેમ કોઇ ઉભું રહે ત્યારે... જેવો ઉપનામ અપાય છે (૨)
૧૦. વીલ, વારસો લખી જવો(૪)
૧૪. ઇન્ડિયા, ... મારો દેશ છે(૩)
૧૫. પૃથ્વી (૨)
૧૭. અરમાન, ઇચ્છા (૩)
૧૯. લુખ્ખો, પાસે પૈસાય ના હોય તેવો (૬)
૨૨. લાકડી (૩)
૨૩. તૃપ્ત થયા પછી ડકાર, ઓહિયા (૪)

### ઊભી ચાવી

૧. માટી ખોદીને કાઢવાનું સાધન (૩)
૨. વોચ, સમય દર્શક યંત્ર(૪)
૩. પાકીટ (૨)
૪. એક અભિનેત્રી (૪)
૫. ચાલી, હાલવું (૨)
૬. ટીકાવાળુ (૩)
૮. એક શાક (૪)
૧૧. ઠંડુ, શીતળ (૨)
૧૨. ચોર (૩)
૧૩. બે ચક્રવાળુ એક વાહન(૪)
૧૬. વ્હાલુ, લાડકવાયુ (૩)
૧૭. દવા, ઔષધ (૩)
૧૮. ઘોડો, અશ્વ (૩)
૨૦. ચુની, ચુક (૨)
૨૧. ગુંડલુ, લોટ બાંધી તેને નાના નાના ભાગમાં વહેંચવું તે (૨)

### શબ્દાવલી ૫૬૯૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) ક્ષિતિજ (૪) અખબાર (૭) થીગડથાગડ (૧૦) તરણુ (૧૧) મેશ (૧૩) તક (૧૫) શરમ (૧૬) કલા (૧૭) કમોત (૧૯) પીન (૨૧) બાક્સ (૨૪) કડાઇ (૨૬) હેમ (૨૮) શોમલ (૨૯) લીન

**ઊભી ચાવી :-** (૨) તિથી (૩) જગત (૪) અથાણુ (૫) ખગ (૬) બાડમેર (૮) ડરપોક (૯) ચાતક (૧૨) શમણુ (૧૪) કલાપી (૧૫) શતક (૧૮) મોબાઇલ (૨૦) નકશો (૨૨) સહેલી (૨૩) ધામ (૨૫) ડામ (૨૭) મન

## ટાઈમલાઈન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઝઝૂમતી હતી. લોકસભા અને રાજયની વિધાનસભાઓમાં આ પાર્ટીને સફળતા મળતી ન હતી. હિન્દુત્વ પાર્ટીનું લેબલ લાગી ચૂક્યું હતું. સતત સંઘર્ષ પછી પાર્ટીને વિવિધ દસકામાં સફળતા મળતી ગઇ અને ૨૦૧૪માં તો એકલા હાથે નવી દિલ્હીની ગાદી સર કરી દીધી. જો કે ભાજપમાં એક ચેઈન્જ એ આવ્યો કે અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી, જસવંતસિંહ, મુરલી મનોહર જોષી અને ભૈરોસિંહ શેખાવતની જોડી તૂટી અને નવા રાજકીય સમીકરણોમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાજનાથસિંહ, અરૂણ જેટલી અને નિતીન ગડકરીનો ઉદય થયો છે. ભાજપના પાંચ સામે ભાજપના જ નવા પાંચ નેતાઓ ઉભરી આવ્યા છે...

**આ વર્ષે ત્રણ કરોડ ટુરિસ્ટ થશે ...**

ગુજરાતના પ્રવાસનમાં ખુશ્બુ ગુજરાત કી નો ભારે પ્રભાવ છે. આ કેમ્પેઈન પછી પ્રતિવર્ષ ૧૫ ટકાના દરે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. રાજયમાં છેલ્લે નોંધાયેલા ટુરિસ્ટની સંખ્યા ૨.૮૭ કરોડ છે જે વધીને ત્રણ કરોડ પહોંચે તેવી શક્યતા છે. ગુજરાતમાં હિન્દી ફિલ્મોના શૂટીંગ થાય તે માટે સરકારે ફિલ્મ આસિસ્ટન્સ સેન્ટર ઉભું કર્યા પછી અનેક ફિલ્મોના શૂટીંગ ગુજરાતમાં થયા છે. સ્પેશ્યલ એન્ટરટેઇનમેન્ટ ઝોન થયા પછી શૂટીંગ અને પ્રવાસીઓની સંખ્યા વધે તેવો અંદાજ સરકારે બાંધ્યો છે. પ્રવાસન વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે ગુજરાતમાં ટુરિસ્ટ ડેસ્ટીનેશન વધે અને તેના ગાઈડ ઉપલબ્ધ થાય તે હેતુથી સરકારે આ ક્ષેત્રમાં રસ ધરાવતા યુવાનોને તાલીમ આપવાની યોજના બનાવી છે...

**બસ હવે, નવી દિલ્હી કોઇ ના જાય! ...**

ગુજરાત સરકારના સિનિયર ઓફિસરોને દિલ્હી ડેપ્યુટેશન ઉપર મોકલવાની ગતિવિધિ ઉપર હવે નિયંત્રણ આવી જાય તો સારૂં, કારણ કે તેની સીધી અસર ગુજરાતના વિકાસ મોડલ ઉપર પડવાની સંભાવના છે. આ પ્રકારનો ભય એક સિનિયર આઈએએસ અધિકારીએ વ્યક્ત કર્યો છે. તેઓ કહે છે કે, આપણા પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદી સાથે જેમણે કામ કર્યું છે અને મોદી જેમને ગુડબુકમાં ગણે છે તેવા ઓફિસરોનું પોસ્ટીંગ દિલ્હી છે. આ રફતાર હજી ચાલી રહી છે પરંતુ જો તે અટકશે નહીં તો મોદીની ગુજરાતની ભાવિ યોજનાઓને હેન્ડલ કરી શકે તેવા ઓફિસરો ગુજરાતમાં હશે નહીં, બીજી તરફ નવા ઓફિસરોને યોજના સમજતાં ઘણો સમય નિકળી જશે. ...

**ટેસ્ટ ઓફ ગુજરાત, ટેસ્ટ ઓફ ઇન્ડિયા ...**

અમૂલ એટલે ટેસ્ટ ઓફ ઈન્ડિયા અને ટેસ્ટ ઓફ ગુજરાત એવું કહી શકાય છે. આ બ્રાન્ડ એ સમગ્ર વિશ્વમાં ભારતનું નામ રોશન કર્યું છે. ગુજરાતનું દૂધ આખો દેશ પીવે છે, અને તે આજકાલ થી નહીં, વર્ષોથી પીવે છે. જો કે આ બ્રાન્ડનો શ્રેય વર્ગિસ કુરિયનને જાય છે. તેઓ શ્વેતક્રાન્તિના પ્રણેતા છે. ગયા વર્ષે અમૂલનું ટર્નઓવર ૧૮,૧૪૩ કરોડનું હતું તે ફાયનાન્સિયલ યર૧૫માં વધીમાં ૨૦,૭૩૦ કરોડનું થઈ ગયું છે. એક વર્ષમાં ૧૪ ટકાનો વધારો છે. અમૂલની કેપેસિટી હાલ ૨૩૦ લાખ લિટર પરડે છે જે બે વર્ષમાં વધીને ૩૨૦ લાખ લિટર પરડે થશે તેવી અપેક્ષા અમૂલ રાખે છે...

**સરકાર ૨૦ કરોડની જમીન ખરીદશે ...**

ગુજરાતમાં આ વર્ષે સરકારે ૨૦ હજાર સસ્તા આવાસો બનાવવાનો ટારગેટ રાખ્યો છે. આવાસ બનાવવા માટે જરૂરી જમીન ખરીદવા સરકારે ૨૦ કરોડ મંજૂક કરાવ્યા છે. આ રૂપિયા જમીન માલિકો અને સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને ચૂકવવામાં આવનાર છે. સરકારના મહેસૂલ વિભાગને પણ જમીનના દામ ચૂકવાશે અને આ દામ શહેરી વિકાસ વિભાગ આપશે.

**વાંચે ગુજરાત ફરી યાદ આવ્યું છે ...**

ગુજરાતના તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ૨૦૧૦માં વાંચે ગુજરાત નામનો કાર્યક્રમ વહેતો કર્યો હતો. હવે ચાર વર્ષ પછી ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ તેને રિવાઈન્ડ કરી રહ્ના છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી નેશનલ બુક ફેરનું એક આયોજન કરવામાં આવ્યું છે જેમાં ઓછામાં ઓછા ૩૦૦ બુકસ્ટોલ રાખવામાં આવશે. ૧લી થી ૭મી મે સુધી ચાલનારા આ કાર્યક્રમમાં બુક વાંચકો ઉમટી પડશે, કારણ કે આ સમય વેકેશનનો છે. ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં આ બુકફેર યોજાવાનો છે. આ ઈવેન્ટ ત્રિવેણી, જ્ઞાનગંગા અને રંગ રંગ વાદળીયા એમ ત્રણ વિભાગોમાં વહેંચવામાં આવી છે.

**કોમાગ્રસ્ત દર્દી માટે પક્ષીઓનો અભ્યાસ ...**

કોમાગ્રસ્ત દર્દીને ભાનમાં લાવવા માટે વિશ્વના વૈજ્ઞાનિકો અનેક પ્રયાસો કરી રહ્યાં છે. હવે એક નવો જ વિષય આ વૈજ્ઞાનિકોના ધ્યાનમાં આવ્યો છે અને અભ્યાસ પછી જો તેનો પ્રયોગ માનવ દર્દી ઉપર કરવામાં આવશે તો મેડિકલ વિજ્ઞાનમાં તે સૌથી મોટી ઉપલબ્ધિ હશે. તાજેતરમાં બનારસની વિશ્વવિદ્યાલયમાં યોજાયેલી રાષ્ટ્રીય પક્ષી વિજ્ઞાન કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેલા ન્યુરો બાયોલોજીસ્ટ પ્રોફેસર હંસ બિશપ અને પ્રોફેસર મોનિકા સદાનંદે કહ્યું હતું કે પક્ષીઓના મગજમાં જૈવિક ઘડિયાળ હોય છે. જે પક્ષીઓની દિનચર્યાને નિયંત્રિત કરે છે. પક્ષીઓના મગજમાં નુકશાનગ્રસ્ત કોશિકાઓ ફરીથી જીવંત થતી હોય છે. એવું એક સંશોધન થયું છે કે પક્ષીઓના મગજના કેન્દ્રમાં કોશિકાઓ પેદા થાય છે અને તે દરેક ઋતુમાં બને છે અને પક્ષીઓને ગીત ગાવા પ્રેરિત કરે છે. આ ક્યું તત્વ છે તે શોધવાનો પ્રયાસ વૈજ્ઞાનિકો કરી રહ્યાં છે, જો તે તત્વની જાણ થાય તો કોમાના દર્દીઓને જીવતદાન આપી શકાય તેમ છે...

**સ્માર્ટ શહેરો માટે મે માં સોલ્યુશન ...**

ભાજપના ૧૦૦ સ્માર્ટ શહેરો બનાવવાના ભારત સરકારના પ્લાન પ્રમાણે ૨૦ થી ૨૨ મે ના રોજ નવી દિલ્હીના પ્રગતિ મેદાનમાં એક્ઝિબિશન અને કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. મિનિસ્ટ્રી ઓફ અર્બન ડેવલપમેન્ટનો આ પ્રોગ્રામ છે. કેન્દ્રની મોદી સરકાર ૧૦૦ સ્માર્ટ સિટીની સાથે બીજા ૫૦૦ શહેરોમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની સુવિધા આપવા માગે છે. સ્માર્ટ સિટીની યાદીમાં મોદીએ ગુજરાતના અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગરનો સમાવેશ કર્યો છે. આ મેગા ઈવેન્ટમાં ગુજરાતના ચીફ મિનિસ્ટર સહિત તેમની કેબિનેટના સભ્યોને આમંત્રણ આપવામાં આવેલું છે.

**Government of Gujarat**
**Development Support Agency of Gujarat**
**An Autonomous Society run by Tribal Development Department**
**3rd Floor, Birsamunda Bhavan, Sector-10A, Gandhinagar**

D-SAG, Invites "Request for Proposal" (RFP) from Charted Accountant (CA) firms empanelled with C & AG are invited for the selection of Internal Auditor for the Financial year 2015-16

**Detailed RFP :** Detailed Request for Proposal (RFP) comprising Background, Terms of Reference (ToR) and Guidelines for submitting the proposal can be downloaded from the website : www.dsag.gujarat.gov.in or be collected from the O/o Development Support Agency of Gujarat, 3rd Floor, Birsamunda Bhavan, Sector-10-A, Gandhinagar between 1.00 pm to 5.00 pm on payment of 500/- (Rupees Five Hundred only) by DD. The agency who downloads from the website will have to pay tender fee by DD in favour of "Development Support Agency of Gujarat" Payable at Gandhinagar.

**Important Dates :**
1. Last Date for Collection of RFP from Office of D-SAG : **17th April 2015**
2. Last date for submission of Proposal to D-SAG : **22nd April 2015**
3. Date of opening of financial bid : **24th April 2015**

**Chief Executive Officer**
Development Support Agency of Gujarat
Gandhinagar

INF/19/2015-16